

ડૉ. મુકુલ ચોક્સી

# લેસ્બિયન સ્ત્રીઓની સેક્સ લાઈફ



માનવીની જાતીય રુચિ ક્યારેક કુદરત નક્કી કરે છે અને ક્યારેક સંજોગો. સ્ત્રીઓ કે પુરુષો વચ્ચેના સજાતીય સંબંધોને પશ્ચિમના કેટલાક દેશોએ માન્યતા આપી છે, પણ ભારતનો કાયદો આવા સંબંધોને અપરાધ ગણે છે. કાયદાને બાજુ પર રાખીને વિચારીએ તો વિજાતીય કે સજાતીય સંબંધો દરેક વ્યક્તિની પોતાની પસંદ છે. એ એની અંગત બાબત છે. સજાતીય સંબંધ રાખતી સ્ત્રીઓને લેસ્બિયન કહેવાય છે અને એમની પોતાની એક દુનિયા અને સેક્સ લાઈફ હોય છે. એના વિશે જાણીએ તો કેટલીક ગેરસમજ દૂર થાય.

**લેસ્બિયન સ્ત્રી અને સમાજ**

સ્ત્રીને જ્યારે સ્ત્રી પ્રત્યે જ આકર્ષણ થાય ત્યારે તે સ્ત્રીને લેસ્બિયન કહેવાય છે. લેસ્બિયન સ્ત્રીઓ ઘણા પ્રકારની હોય છે. જે સ્ત્રીઓને માત્ર સ્ત્રીઓ પ્રત્યે જ આકર્ષણ હોય તેને 'એસ્કલુઝિવલી લેસ્બિયન' ગણાય છે. તો કેટલીક સ્ત્રીઓ સ્ત્રીઓ તથા પુરુષો એમ બંને પ્રત્યે સરખું (અથવા વધતું ઓછું) આકર્ષણ ધરાવે છે, જેને 'બાઈસેક્સ્યુઅલ' કહેવાય છે.

લેસ્બિયન સ્ત્રીઓ 'વધુ પડતી સેક્સી' યા 'ઓછી સેક્સી' હોતી નથી. તેઓ અન્ય સ્ત્રીઓથી 'જાતીય પસંદગી'ની બાબતમાં ભિન્ન હોય છે એટલું જ. આ સિવાય તેઓમાં અને સાધારણ સ્ત્રીઓમાં બીજો કોઈ વિશેષ ભેદ જોવા મળતો નથી.

લેસ્બિયન છોકરીના માતાપિતાની હાલત ઘણી વાર બહુ ગંભીર બની જાય છે. તેઓ એક તરફ સમાજ અને બીજી તરફ દીકરી, એમ બંનેના દબાણમાં આવીને ભયાનક મનોવ્યથાનો ભોગ બને છે.

લેસ્બિયન છોકરીના વાલી તથા કુટુંબીજનોએ આટલું ધ્યાનમાં રાખવું કે જો દીકરી લેસ્બિયન હોય એવી ખબર પડે તો



**લેસ્બિયન સ્ત્રીઓમાં વિજાતિય આકર્ષણ વિકસાવવા ભૂતકાળમાં સગા ભાઈએ બળાત્કાર કર્યા હોવાના કિસ્સા પણ નોંધાયા છે.**

તેની સાથે સમજણ તથા સહાનુભૂતિપૂર્વક વર્તવું, તેને વિજાતીય બનાવવા કોઈ 'દાબ-દબાણ' કે 'ઉપચારો' કરાવવા નહીં, તેને પુરુષ સાથે લગ્ન કરવા માટે દબાણ કરવું નહીં અને તેને હડધૂત કરવી નહીં, નહીં તો છોકરી આત્મહત્યા પણ કરી બેસે !

સામે છેડે લેસ્બિયન છોકરીએ જાતે આટલી વાત સમજવી જરૂરી છે કે તેના માતાપિતા કંઈ અચાનક તેમની મનોજાતીય વૃત્તિઓને સ્વીકારી લેવાના નથી. એ માટે તેઓને પણ સમય લાગવાનો છે. આથી ધીરેથી કામ લેવું. મા-બાપને રાજી રાખવા લગ્ન કરી લેવાનું વલણ ઠીક નથી. પુરુષો પ્રત્યે ઉદાસીન કેટલીક લેસ્બિયન છોકરીઓ

Anokhee December 06 Final .qxd 7/5/2007 2:41 PM Page 63

લગ્ન કરી તો લે છે, પણ પછી શયનખંડમાં તેમને ગૂંગળામણ થાય છે, જેને લીધે સેક્સમાં અસહકાર, યોનિમાર્ગની બળતરા, લગભગ બળાત્કાર જેવો શરીર સંબંધ, ડિપ્રેશન-આત્મહત્યા, લડાઈ ઝઘડા, આક્ષેપો, કોર્ટ-કચેરી તથા છૂટાછેડા સુધીના કૉમ્પ્લિકેશન્સ થઈ શકે છે.

ખૂબ નાની વયથી પણ લેસ્બિયન વૃત્તિઓ આકાર લઈ શકે છે. એવી છોકરીઓ છોકરીઓ સાથે જ રમવાનું પસંદ કરે છે, અન્ય છોકરીઓને વધુ શરીરસ્પર્શ કરે છે, તેમની સાથે એકાંત ગાળવાનું વલણ રાખે છે, 'ખાસ' બહેનપણીઓ બનાવે છે, એ 'ખાસ' બહેનપણીઓ વગર તેમને ગમતું નથી અને તેમના વગર તે ઉદાસ થઈ જાય છે, રોમૅન્ટિક પ્રકારની વાતો કરે છે, પ્રેમીઓ જેવો વ્યવહાર કરે છે અને સાથે રહેવાના દિવાસ્વપ્નો જુએ છે.

ઉપરોક્ત વ્યવહાર કરતી કેટલીક પુખ્ત વયની છોકરીઓને એવી જાણ નથી હોતી કે તેઓ વાસ્તવમાં 'લેસ્બિયન' છે. તેમને જ્યારે સૂચવવામાં આવે છે ત્યારે જ તેઓ આ વાત સમજે છે અને સ્વીકારે છે.

લેસ્બિયન સ્ત્રીઓને ઓળખવા માટેની કોઈ ટેસ્ટ નથી. ચહેરા, હાવભાવ, ચાલ-ચલગત, હોર્મોનટેસ્ટ, જિર્નેટિક-સ્ટડીઝ કે અન્ય કોઈ રીતે સાબિત નથી કરી શકાતું કે કોઈ સ્ત્રી લેસ્બિયન છે કે નહીં.

કેવળ એવી લેસ્બિયન સ્ત્રીઓ કે જે પોતે બદલાઈને પુરુષમાં રસ લેતી થવા માગે છે.. તેમને જ મનોવૈજ્ઞાનિક સારવાર આપવી જોઈએ. આવી લેસ્બિયન મહિલાઓને 'ઈગોડિસ્ટોનિક હોમોસેક્સ્યુઅલ' તરીકે ઓળખવામાં આવે છે.

## લેસ્બિયન સ્ત્રીઓનું મનોવિજ્ઞાન

મોટા ભાગની લેસ્બિયન સ્ત્રીઓને તેમની તરુણાવસ્થામાં જ પોતાના 'સજાતીય વલણો' અંગે આછીપાતળી જાણ થઈ જતી હોય છે. અલગ અલગ સ્ત્રીઓને પોતાની સજાતીયતાથી આઘાત, તણાવ આશ્ચર્ય, અપરાધભાવ જેવા અલગ ભાવો મિશ્ર સ્વરૂપે થતા જોવા મળે છે, જે આગળ જતાં વધી કે ઘટી શકે છે.

સામાન્ય સંજોગોમાં લેસ્બિયન નારી એક દીર્ઘકાલીન પાર્ટનરથી સંતુષ્ટ રહેતી હોય છે, પરંતુ એમાં અપવાદો અચૂક જોવા મળે છે. 'એક સમયગાળામાં એક જ પાર્ટનર' (સિરિયલ મોનોગેમી)ની પ્રેક્ટિસ પણ ક્યારેક સાંભળવા મળે છે. ઘણા પુરુષ હોમોસેક્સ્યુઅલ લોકોને એક જ સમયગાળામાં અનેક પાર્ટનર્સ હોય છે, તેવું લેસ્બિયન સ્ત્રીઓમાં મળવું અસામાન્ય છે.

પ્રેમની તીવ્ર ક્ષુધા, ઊંડાણપૂર્વકનો પ્રેમ, પ્રેમમાં પઝેસિવનેસ તથા ઈર્ષ્યાની ભાવના, પાર્ટનર ઉપર ઈમોશનલ ડિપેન્ડન્સ વગેરે ભારોભાર હોય છે.

કોઈ બે બહેનપણીઓને સાથે આવતાં જતાં કે લાંબા ગાળાના સહવાસમાં રહેતા જુએ તો લોકોને એમાં ખાસ અજુગતું ન લાગતું હોવાને લીધે 'લેસ્બિયન લવ' વધારે ઉત્કટતાથી પાંગરી શકે છે. જુવાન હેટેરોસેક્સ્યુઅલ છોકરા છોકરીઓને તેમના પાર્ટનર્સ સાથે મળે તેના કરતાં વધુ મોકળાશપૂર્ણ એકાંત સજાતીય છોકરીઓને પરસ્પરની સાથે મળી શકે છે.

પૌરુષસભર છોકરીઓ (ટૉમબૉય પ્રકારની છોકરીઓ) લેસ્બિયન હોય છે એ માન્યતા ખોટી છે. હા, કેટલીક 'ટૉમબૉય' છોકરીઓ સ્ત્રીઓ પ્રત્યે આકર્ષાતી હોય છે, પણ બધી નહીં. વળી કેટલીક 'ટૉમબોય' છોકરીઓ 'ટ્રાન્સસેક્સ્યુઅલ' હોય છે, અર્થાત્ તેઓ પોતાને અંદરથી 'છોકરો' માને છે અને એટલે નોર્મલ છોકરાઓની જેમ જ છોકરીઓ પ્રત્યે આકર્ષાય છે. આમ અન્યોને તે લેસ્બિયન લાગે, પરંતુ તેને પોતાને મન તો તે 'વિજાતીય' જ હોય છે.

લેસ્બિયન સ્ત્રીઓમાંથી કેટલીક સ્ત્રીઓ વારંવાર હતાશા યા ડિપ્રેશનનો ભોગ બને છે. તેઓને ક્યાં તો સમાજની અસ્વીકૃતિની ચિંતા હોય છે, યા તો કૌટુમ્બિક દબાણોથી આવેલી હતાશા હોય છે. અન્યોની જેમ સાહજિક દામ્પત્યજીવન ન મળવું, ખાનગી જીવન જીવતાં રહેવું, પાર્ટનરનો વિયોગ, આર્થિક અસલામતીઓ,



**સ્વજનોની ઉપેક્ષા, નૈતિક દબાણ અને માતૃત્વની અધૂરપ લેસ્બિયન સ્ત્રીને ક્યારેક આત્મહત્યા તરફ દોરી જાય છે.**

સ્વજનો તરફથી થતી ઉપેક્ષા વગેરેથી ઘણી વાર લેસ્બિયન સ્ત્રીઓ ત્રસ્ત રહેતી જોવા મળે છે.

માતૃત્વની અધૂરપ પણ તેમના જીવનમાં ખાલીપો લાવે છે. અન્યથા માતા બનવા માટે સમર્થ એવી બે સ્ત્રીઓને આજીવન સંતાનપ્રાપ્તિ વગર રહેવાનું આવે તો અવશ્ય તેઓ તણાવમાં આવી જાય.

તેમ છતાં ઘણા અભ્યાસનાં તારણો કહે છે કે લેસ્બિયન સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓ જેવી જ હોય છે. તેમના જીવનના દુ:ખ, દર્દ, આનંદ, સુખ, ગમા-અણગમા, આશ્ચર્યો તથા આઘાતો અન્યો જેવા જ હોય છે. તેઓ પાપી, રોગિષ્ટ કે મનોરુગ્ણ નથી હોતી.

આલ્કોહોલ જેવું વ્યસન સામાન્ય સ્ત્રીઓ કરતાં લેસ્બિયન સ્ત્રીઓમાં વધુ હોવાનું જણાયું છે, કદાચ વધુ સામાજિક તાણને કારણે.

ક્રિન્સેના અભ્યાસ પ્રમાણે ૨ થી ૩ ટકા અમેરિકન સ્ત્રીઓ લાંબા ગાળા માટેના સજાતીય સંબંધો વિકસાવતી હતી. જોકે ૪૦ વર્ષની વય સુધીની લગભગ ઓગણીસ ટકા સ્ત્રીઓને તેમના જીવનમાં છૂટાછવાયા, આકસ્મિક સજાતીય સંબંધો હોવાનું નોંધાયું છે.

વારસાગત કારણો, ગર્ભાવસ્થા



દરમિયાનના હોર્મોન્સ ફેરફારો, ઉછેરની ક્ષતિઓ, નમાલા પિતા સાથે વધુ પડતી દબાણગ્રસ્ત માતા તથા વાતાવરણજન્ય પરિબળો લેસ્બિયન સંબંધો માટે જવાબદાર હોઈ શકે છે.

સ્ત્રીત્વ તરફનો વધુ પડતો ઝુકાવ, તીવ્ર ફેમિનિસ્ટિક એટીટ્યુડ તથા સ્ત્રી સ્વાતંત્ર્ય માટેનો અત્યાગ્રહ કેટલીક સ્ત્રીઓને લેસ્બિયન સંબંધો વિકસાવવા તરફ લઈ જાય છે. તો તારુણ્યાવસ્થાના અનુભવો યા મહિલાકૉજેલ, હોસ્ટેલ જેવાં સ્થળે માત્ર 'સ્ત્રી સહવાસ'વાળા દીર્ઘકાળના વાતાવરણને લીધે પણ કેટલીક સ્ત્રીઓ સજાતીય બની શકે છે. પુરુષોના અત્યાચારથી વ્યથિત, બળાત્કારનો ભોગ બનેલી અને એને કારણે પુરુષોને નફરત કરતી થઈ ગયેલી કેટલીક સ્ત્રીઓ પણ આગળ જતાં સજાતીય સંબંધો વિકસાવતી થઈ જઈ શકે છે.

પોતે સજાતીય હોવાનું જાહેર કરવું એ ક્ષણ લેસ્બિયન સ્ત્રીના જીવનમાં બહુ નિર્ણાયક અને મુશ્કેલ નીવડી શકે છે. આ 'કમિંગ આઉટ' તરીકે ઓળખાય છે. બેચેની, ગડમથલ, મનોવ્યથા, લઘુતાગ્રંથિ, મનોસંઘર્ષ વગેરેથી સ્ત્રી ક્ષુબ્ધ થઈ શકે છે.

લગ્નનું 'બૉન્ડ' યા 'સોશિયલ કમિટમેન્ટ' ન હોવાને લીધે કેટલાંક લેસ્બિયન કપલ્સમાં એક યા બંને પાર્ટનર્સ અસુરક્ષિતતા યા અસલામતીની ભાવનાથી પીડાતા હોય છે. તેમને દીર્ઘ સમયના, કાયમી સંબંધોમાં રુકાવટ ન આવી જાય તેની ચિંતા કોરી ખાતી હોય છે.

## બાળકીઓ અને કિશોરીઓના સજાતીય સંબંધો

કેટલાંક પેરેન્ટ્સ એ વાતથી ચિંતિત રહે છે કે તેમની તરુણ વયની દીકરીઓ તેમની સમવયસ્ક (આશરે દસથી બાર વર્ષની) છોકરીઓ સાથે વધુ પડતી નિકટતા દાખવે છે. ક્યારેક બે સહેલીઓ ખૂબ નજદિકી શારીરિક નિકટતામાં ગૂંથાયેલી જોવા મળે છે, તો ક્યારેક બે બહેનપણીઓ એટલી નજીક આવી જાય છે કે (માનસિક રીતે) કે તેમને એકબીજા વગર એક દિવસ પણ ચાલતું નથી.

વધુ પડતા સજાગ અને ચિંતાતુર પેરેન્ટ્સ આ વાતથી ડરીને તેમની પુત્રીઓમાં લેસ્બિયન વલણો વિકસી રહ્યા હોવાનું માની લે છે. આવી છોકરીઓમાંથી બહુ ઓછી છોકરીઓ આગળ જતાં કાયમી લેસ્બીયન બને છે. જ્યારે મોટા ભાગની છોકરીઓ આ ટ્રાન્ઝિયન્ટ (અલ્પજીવી) તબક્કાને પસાર કરી જઈને છેવટે અન્ય નોર્મલ છોકરીઓની જેમ જ દીર્ઘકાલીન સ્થાયી હેટેરોસેકસ્યુઆલીટી (વિજાતીયતા) કેળવી શકે છે.

આવો જ નાનો 'પાસિંગ ફેઝ' તરુણોમાંય જોવા મળે છે. વાસ્તવમાં નવી ઊભરાતી જાતીયતા (ન્યૂલી ઈવોલ્વિંગ સેકસ્યુઆલીટી) તેના પ્રારંભિક તબક્કામાં 'વેલ ડિફરનશિયેટેડ' નથી હોતી. આથી તેમાં સજાતીય વર્તણૂકના અંશો જોવા મળે છે. પેરન્ટ્સે આવી વાતોથી ઝાઝી ચિંતા દાખવવી જરૂરી નથી. સમય જતાં વિજાતીય સંપર્ક વધવાની સાથે ઘણી કિશોરીઓ અન્યો જેવી બની જતી જોવા મળે છે.

અલબત્ત, પેરન્ટ્સના ધ્યાનમાં તેમની વીસ વર્ષની દીકરી જો અન્ય પુખ્ત વયની છોકરી સાથે ઘનિષ્ટ શરીર સંપર્કમાં રત રહેલી જોવા મળે તો તેઓ અચૂક દીકરી લેસ્બિયન હોવાની ધારણા કરી શકે.

આથી ઊલટું બારેક વર્ષની નાની ઉંમરની કેટલીક છોકરીઓમાં જરાય 'જાતીય સભાનતા' નથી હોતી. આથી તેઓની ઘનષ્ટતા નોનસેકસ્યુઅલ પણ હોઈ શકે એ વાત સમજવી રહી..



બે બહેનપણીઓને લાંબા ગાળાના સહવાસમાં રહેતા જુએ તો લોકોને એમાં ખાસ અજુગતું ન લાગતું હોવાને લીધે 'લેસ્બિયન લવ' વધારે ઉત્કટતાથી પાંગરી શકે છે.

## લેઝબિયન સ્ત્રીઓની સેક્સ લાઈફ

- તેઓ સામાન્યતઃ સક્રિય જાતીય જીવન વિતાવે છે (એક્ટિવ સેક્સ્યુઅલ લાઈફ), પરંતુ કેટલીક સજાતીય મહિલાઓ હતાશાના દોરમાં યા સામાજિક સંઘર્ષોથી થાકી જઈ, સેક્સમાંથી રુચિ ગુમાવી દે છે.
- મોટા ભાગની સ્ત્રીઓને પરસ્પરને પંપાળવું, પ્રેમાળ સ્પર્શ, ગાઢ આલિંગન, ચુંબન, (હગિંગ, કિસિંગ, કેરેસિંગ) વગેરેમાં કાયમી રસ જળવાઈ રહે છે.
- આથી વધીને ઉન્મત્ત કામાચારમાં પણ તેઓ પ્રવૃત્ત થાય છે, જેમકે ઈરોટિક મસાજ, પરસ્પરનું હસ્તમૈથુન (મ્યુચ્યુઅલ મેસ્ટરબેશન), ઓરોજનાઈટલ સેક્સ (મુખમૈથુન) વગેરે.
- પરસ્પરને ગાઢ બાહુપાશમાં રાખીને ઑર્ગેઝમ સુધી પહોંચવાની પ્રક્રિયામાં પણ ઘણી સજાતીય સ્ત્રીઓ જોડાય છે.
- અલબત્ત, અંગુલિ દ્વારા એકમેકના યોનિમાર્ગને ઉત્તેજિત કરવાનું સરળ હોવા છતાં કેટલાંક સજાતીય સ્ત્રીયુગલો ચરમસીમા માટે વાઈબ્રેટર્સનો ઉપયોગ કરી લેતાં હોય છે. મોટા ભાગનાં સ્ત્રીયુગલોને પુરુષના અભાવથી સર્જાતી શારીરિક મર્યાદાઓ (એનેટોમિકલ લિમિટેશન્સ)નો ખાસ કોઈ અહેસાસ હોતો નથી.
- ઊલટું 'ફીમેલ-ટુ-ફીમેલ' પ્રસરતા ઈરોટીસીઝમને લીધે તેઓને પાર્ટનરની જરૂરિયાતનો વધારે સમજણપૂર્વકનો અહેસાસ થતો હોય છે. જેમકે ગ્રીવા તથા સ્તનોની ડીંટડીઓની ઉત્તેજનક્ષમતાની જાણ હોવાથી પરસ્પરને તેઓ વધુ સારી રીતે સંતોષી શકે છે. નોર્મલ ગણાતાં 'સ્ત્રી-પુરુષ' જોડાઓમાંના કેટલાક પુરુષોને જીવનપર્યંત ખબર નથી પડતી કે તેમની પત્નીઓને કાનની બૂટ નજીક સ્પર્શવાથી પણ તીવ્ર જાતીય સંવેદનાનો અનુભવ થાય છે. આવું 'કામ-અજ્ઞાન' 'સ્ત્રી-સ્ત્રી' જોડાઓમાં સ્વાભાવકિ રીતે ઓછું જ જોવા મળવાનું.
- લેસ્બિયન કપલ્સમાં ક્યારેક એક સ્ત્રી વધુ સક્રિય બની 'પૌરુષીય કામક્રીડા' આચરે છે. તો કેટલાંક યુગલોમાં બંને સ્ત્રી સહજ જ રહે છે. હોમોસેક્સ્યુઅલ્સ પુરુષોની જેમ લેસ્બિયન નારીઓ પણ એક્ટિવ યા પેસિવ રોલ ભજવતી જોવા મળે છે.
- તેઓ મોટે ભાગે 'ફેસ-ટુ-ફેસ' એટલે કે એકમેકના મોં એકમેક પ્રતિ જ જોતાં હોય એવા કામ આસનો વધુ પસંદ કરે છે, હેટેરોસેક્સ્યુઅલ સ્ત્રીઓની જેમ જ 'મલ્ટીઑર્ગેઝિમક' બની શકે છે તથા દીર્ઘ પૂર્વક્રીડા (ફોરપ્લે)થી રસાયેલી સેક્સ લાઈફ માણે છે.
- સોલિટરી સેક્સ, આફ્ટર પ્લે, સેક્સ્યુઅલ અર્જ વગેરે ઘણા પાસાઓ પણ વિજાતીય સ્ત્રીઓ જેવા જ હોય છે.
- લેસ્બિયન સ્ત્રીઓમાં અન્ય વિજાતીય સ્ત્રીઓ કરતાં વધારે જાતીય પ્રયોગશીલતા (સેક્સ્યુઅલ એક્સ્પરીમેન્ટેશન) જોવા મળે છે. 'લેસ્બિયન લવમેકિંગ'ની કોઈ સ્થાપિત સામાજિક શૈલીઓ ન હોવાથી લેસ્બિયન યુગલોને તેમના પ્રણયાચાર દરમિયાન નોર્મલ કે એબનોર્મલની ઝાઝી તમા ન હોવાને લીધે લેસ્બિયન સ્ત્રીઓ વધુ 'કામપ્રયોગશીલતા' દાખવી શકે છે.
- ક્રિન્સેના અભ્યાસમાં પચાસ વર્ષ પહેલાં જણાયું હતું કે આશરે પંચોતેર ટકા લેસ્બિયન સ્ત્રીઓ તેમની કામક્રીડા દરમિયાન 'મોટે ભાગે' ચરમસીમાનો અનુભવ મેળવી શકતી. જ્યારે માત્ર ચાલીસ ટકા વિજાતીય સ્ત્રીઓને 'કાયમી ચરમસીમા'નો અનુભવ થતો.
- ૯૮ ટકા લેસ્બિયન સ્ત્રીઓ જનનાંગોના સ્પર્શથી ઉત્તેજિત થાય છે, ૯૭ ટકા સ્ત્રીઓ સ્તનમર્દનનો આનંદ લે છે, ૮૫ ટકા સ્ત્રીઓ સ્તનને મુખથી સંવેદે છે, ૭૮ ટકા મુખમૈથુન માણે છે અને ૫૬ ટકા જનનાંગોના પારસ્પારિક ઘર્ષણ દ્વારા સજાતીય સેક્સનો આનંદ લે છે.
- વેનબર્ગ તથા બેલ નામના રિસર્ચસે ૧૯૭૮માં તારણ કાઢ્યું હતું કે 'કમિટેડ લેસ્બિયન કપલ'ની કામક્રીડા દરમિયાન બંને પાર્ટનર્સ ખૂબ ધીમે ધીમે આગળ વધે છે. સીધા જનનાંગોના સ્પર્શને શરૂઆતમાં ટાળે છે. આખા શરીરના સંપર્કમાં વધુ ને વધુ રહે છે. 'નોન-જનાઈટલ ઑર્ગન' જનનેતર અવયવો)ને પણ હળવેકથી સ્પર્શ કરીને સંવેદે છે. તેમની પૂર્વક્રીડા વધારે ઈલેબોરેટ, સ્ટાઈલીશ, રોમાંચક, પાર્ટનર-ઓરિએન્ટેડ અને કૉમ્યુનિકેટિવ હોય છે. આથી ઊલટું પુરુષ-સ્ત્રીના જોડામાં પુરુષ વધારે 'એક્શન-ઓરિએન્ટેડ' હોવાથી સીધો સ્તન યા ગુપ્તાંગને સ્પર્શીને સમાગમ તરફ આગળ વધી જતો જોવા મળે છે.
- માસ્ટર્સ ઍન્ડ જ્હોન્સનના અભ્યાસનું એક રસપ્રદ તારણ એ હતું કે લેસ્બિયન સ્ત્રી યુગલોની પ્રણયચેષ્ટા દરમિયાન સ્ત્રીઓ એકમેકના બંને સ્તનોને એકસરખી માત્રામાં અને પ્રત્યેક સ્તનને સરેરાશ, લઘુતમ ૧૦ મિનિટ સુધી ઉત્તેજના પૂરી પાડતી હતી.
- સ્ત્રી-પુરુષ યુગલોમાં ઘણી વાર પુરુષોને ખ્યાલ નથી રહેતો કે નિપલ્સને વધુ પડતું દબાણ આપવાથી સ્ત્રીને પીડાનો અનુભવ થઈ શકે છે. એ જ રીતે અતિ તીવ્ર આલિંગન, દાંતના દબાણો, ક્લીગેરીસ પર અતિશય ઘર્ષણ પણ વેદના જન્માવી શકે છે. લેસ્બિયન યુગલોમાં આંતરિક સૂઝ અને સ્વાનુભવને પરિણામે આવા 'કૉમ્પ્લિકેશન્સ' ઓછી માત્રામાં થાય છે.
- કદાચ આ જ કારણોસર લેસ્બિયન સ્ત્રીઓ યોનિમાર્ગમાં ઊંડાણપૂર્વક આંગળીઓ દાખલ કરતી નથી અને મુખમૈથુનના સ્વાદ કે ગંધથી એટલી ઉબાઈ જતી નથી જેટલા કેટલાક પુરુષો ઉબાઈ જતા હોય છે.
- સરવાળે લેસ્બિયન સ્ત્રીઓમાં વિજાતીય સ્ત્રીઓ કરતાં વધુ ઑર્ગેઝમના અનુભવો, વધુ પાર્ટનર્સ, વધુ જાતીય સંતોષ, વધુ સંવનન, વધુ વેરાઈટીસભર સેક્સ જોવા મળે છે.

.ગતું